ગુજરાત વેપારી મહામંડળ

# Gujarat Chamber of Commerce & Industry

Azadi Ka Amrit Mahotsav

Hemant Shah President | Pathik Patwari Sr. Vice President | Sanjeev Chhajer Vice President | Sachin Patel Hon. Secretary | Mahesh Puj Hon. Secretary (R) | Navroz Tarapore Hon. Treasurer

૨૮ જાન્યુઆરી, ૨૦૨૨ / 15127

**શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ**
*માનનીય મુખ્યમંત્રીશ્રી*
ગુજરાત રાજ્ય, સ્વર્ણિમ સંકુલ-૧
નવા સચિવાલય
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

**માનનીય મુખ્યમંત્રીશ્રી,**

**વિષય: "બીઝનેસ સપોર્ટ સર્વિસ સેન્ટર" સ્થાપવાની ઈન્ડસ્ટ્રીયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજના હેઠળની સહાય અંગેની અરજી રી-ઓપન કરી મંજુર કરવા બાબત.**
**અનુ : અમારી તા.૮/૧૨/૨૦૧૮ની અરજી.**

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, અમદાવાદ એ ઉદ્યોગ અને વેપારના વિકાસ માટે કામ કરતી એપેક્સ સંસ્થા છે. તેમાં ૭૦૦૦ થી વધુ પ્રત્યક્ષ સભ્યો, તેમજ ૨૦૦ થી વધારે વેપાર-ઉદ્યોગના સંગઠનો અને રીજનલ ચેમ્બરો અને ૨.૫ લાખથી વધુ અપ્રત્યક્ષ સભ્યો છે. ચેમ્બરમાં અવાર-નવાર વિવિધ દેશોમાંથી ડેલીગેશન પણ વેપાર-ઉદ્યોગના આદાન-પ્રદાન માટે સતત આવતાં રહે છે અને ચેમ્બર તરફથી પણ વિવિધ ડેલીગેશન અન્ય દેશોમાં જતાં હોય છે. સંસ્થામાં MSME ને માર્ગદર્શન આપવા માટે MSME હેલ્પડેસ્ક તેમજ આયાત/નિકાસ કરતાં ઉદ્યોગકારો/ વેપારીઓ માટે EXIM હેલ્પડેસ્ક તેમજ અન્ય હેલ્પડેસ્ક અને એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સીલની ઓફીસ પણ કાર્યરત છે. ગુજરાત ચેમ્બર દ્વારા MSME તેમજ અન્ય વેપાર-ઉદ્યોગો માટે વિવિધ અવેરનેસ કાર્યક્રમ તેમજ પ્રમોશન કાર્યક્રમો પણ કરવામાં આવે છે. MSME Facilitation Council અન્વયે ADRC સેન્ટરમાં કોર્ટરૂમ, મીડીયેશન રૂમ,લાયબ્રેરી તેમજ ટ્રેનિંગ રૂમ પણ ધરાવે છે.

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ઉપરોક્ત જણાવેલ પ્રવૃત્તિ સબબ આધુનિક સુવિધાઓ ઉભી કરવા માટે રાજ્ય સરકારની ઉદ્યોગખાતાની ઈન્ડસ્ટ્રીયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજના હેઠળ સહાય મેળવવા તા.૮-૧૨-૨૦૧૮ના રોજ અરજી કરવામાં આવેલ હતી. તેનું પ્રેઝન્ટેશન તા.૨૮-૨-૨૦૧૯ના રોજ મળેલ સ્ક્રીનીગ કમિટિમાં કરવામાં આવેલ હતું અને ત્યારબાદ તા.૨૧-૫-૨૦૧૯ની સ્ટેટ લેવલ એમ્પાવર્ડ કમિટિમાં મુકવામાં આવેલ હતી. જેમાં જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, અમદાવાદનો વિગતવાર અહેવાલ મંગાવવામાં આવેલ હતો. આ અહેવાલ જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, અમદાવાદ દ્વારા તેમના તા.૨-૭-૨૦૧૯(પત્ર સામેલ છે) ના પત્રથી મંજુર કરવા ભલામણ કરવામાં આવેલ હતી. પરંતુ અમારી અરજી નામંજુર કરવામાં આવેલ છે.

Shri Ambica Mills, Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad 380009, Gujarat, India.
+91-79-2658 2301/2/3/4
gcci@gujaratchamber.org
www.gujaratchamber.org
GCCIAhmedabad

ઉપરોક્ત વિગતો ધ્યાને લેતાં અમારી ઉપરોક્ત અરજી રી-ઓપન કરી આગામી એમ્પાવર કમિટિમાં મૂકી મંજુર કરવા અમારી નમ્ર રજૂઆત છે.

આભાર સહ,

**આપનો વિશ્વાસુ,**

**હેમંત એન. શાહ**
**પ્રમુખ**

**નકલ રવાના :**

**ડૉ. રાજીવ કુમાર ગુપ્તા,** IAS
ઉદ્યોગ અને ખાણ વિભાગ
બ્લોક નં.૫, ૩જો માળ, નવા સચિવાલય
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

**ડૉ. રાહુલ ગુપ્તા, IAS**
માનનીય ઉદ્યોગ કમિશ્નરશ્રી
બીજો માળ, ઉદ્યોગભવન, સેક્ટર-૧૧
ગાંધીનગર.

જી.ઉ.કે/અમદ/ઇન્ડ.ઇન્ફ્રા/ 3915
જીલ્લ ઉદ્યોગ કેન્દ્ર, ૧લો માળ,
બચત ભવન, પથ્થરકુવા
રીલીફ રોડ,
અમદાવાદ
તારીખ : 02/07/19

પ્રતિ,
સંયુક્ત ઉદ્યોગ કમિશ્નરશ્રી (ઇન્ફ્રા.)
ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી
ઉદ્યોગ ભવન, ગાંધીનગર.

**વિષયઃ "બીઝનેસ સપોર્ટ સર્વિસ સેન્ટર" સ્થાપવાની ઇન્ડસ્ટ્રીયલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર યોજના હેઠળની દરખાસ્ત ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી.**
**અનુ. : આપની કચેરીના તા. ૨-૫-૨૦૧૯ના પત્ર ક્રમાંક : ઉક/આઇ.એમ./આઇઆઇ/ ૧૫૩૧૮૫૭.**

સવિયન ઉપરોક્ત પરત્વેના અનુસંધાન અન્વયે જણાવવાનું કે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, અમદાવાદ દ્વારા તેમના તા. ૨૮-૫-૨૦૧૯ પત્રથી જરૂરી સ્પષ્ટતા અત્રેની કચેરીને મોકલી આપેલ છે.જેની સ્પષ્ટતા નીચે મુજબ છે.

૧. પ્રોજેક્ટ કોસ્ટના અંદાજોમાં અનુ.૩ અને ૪ અન્વયે જે સ્પષ્ટતા કરેલ છે તે સ્વયં સપષ્ટ તેમજ સુસંગત જણાય છે.
૨. તેઓશ્રીએ પ્રોજેક્ટ અમલીકરણ શીલ્યુલ મે-૨૦૧૯ પૂર્ણ થવાનું જણાવેલ હતું. હવે આ પત્રથી જુલાઇ-૨૦૧૯ના બીજા અઠવાડિયામાં કામગીરી પૂર્ણ થઇ જશે તેમ જણાવે છે.
૩. આ સંસ્થાની રૂબરૂ મુલાકાત લેતાં મહદ્અંશે કામગીરી થયેલ છે અને કામગીરી પૂર્ણ કરવાની પ્રોસેસમાં છે. વધુમાં જણાવવાનું કે આ સંસ્થાને અગાઉ વર્ષ ૨૦૧૪ માં **ASIDE** યોજના અન્વયે એક્ષ્પોર્ટ પ્રમોશન સેન્ટર અને ઇન્ટરનેશનલ ટ્રેડ ઓડીટોરીયમ માટે થયેલ કુલ ખર્ચ રૂા.૧૨૮.૩૦ લાખ સાથે રૂા.૬૪.૧૫ લાખની સહાયની ચૂકવણી કરવામાં આવેલ છે. અમારી રૂબરૂ મુલાકાત સમયે આ બંન્ને કોમ્પોનન્ટ હયાત તેમજ ચાલુ હાલતમાં છે. તેમાં કોઇ ફેરફાર કે તોડફોડ કરવામાં આવેલ નથી.

૪. ચેમ્બર ખાતેની હયાત સુવિધાઓ તથા સદરહુ બીઝનેસ સપોર્ટ સર્વિસ સેન્ટરમાં સૂચિત વિક્સાવવાની સુવિધાઓની વિગતવાર માહિતી તેઓએ પ્લાન બનાવીને રજુ કરેલ છે. તેઓએ દરેક ફલોર પર હયાત તેમજ તેમાં સૂચિત વિક્સાવવાની સુવિધાઓની વિગત દર્શાવતા પાંચ પ્લાન રજુ કરેલ છે. તે તમામ સુવિધાઓ બીઝનેસ સપોર્ટ સર્વિસ માટે જરૂરી જણાય છે. સંસ્થાએ પણ આ સુવિધાઓની જરૂરિયાત અંગે જસ્ટીફીકેશન આપેલ છે. તેની નકલ આ સાથે સામેલ છે. આ સંસ્થા ઉદ્યોગ અને વેપારના વિકાસ માટે કામ કરતી એપેક્ષ સંસ્થા છે. સંસ્થામાં MSME માટે MSME હેલ્પડેસ્ક આયાત/નિકાસ કરતાં ઉદ્યોગકારો/વેપારીઓ માટે EXIM હેલ્પ ડેસ્ક તેમજ અન્ય ડેસ્ક તેમજ પ્રમોશન કાઉન્સીલ પણ ધરાવે છે. તેમજ MSME facilitation council અન્વયે ADRC સેન્ટર અન્વયે કોર્ટ રૂમ, મીડીયેશન રૂમ, લાયબ્રેરી તેમજ ટ્રેનિંગરૂમ પણ ધરાવે છે. સંસ્થા દ્વારા MSME તેમજ અન્ય વેપાર/ઉદ્યોગો માટે વિવિધ અવેરનેસ તેમજ પ્રમોશન કાર્યક્રમો પણ કરવામાં આવે છે. આ સંસ્થાએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ-૨૦૧૯ માં સક્રિયપણે ભાગ લઇ International Global Chambers Summit તેમજ ફાર્મ ટુ ફેશન દ્વારા પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવેલ હતું. સંસ્થામાં અવાર-નવાર વિવિધ દેશોમાંથી બીઝનેસ ડેલીગેશન પણ વેપાર/ઉદ્યોગના આદાન-પ્રદાન માટે આવતાં રહે છે. તેઓ સાથે સ્થાનિક ઉત્પાદકો/ વેપારીઓ સાથે આદાન/પ્રદાન માટે ઉપરોક્ત આધુનિક સાધનોથી સજ્જ સુવિધાઓ હોવી જરૂરી છે.

આમ ઉપરોક્ત વિગતો જોતાં સંસ્થા ઉદ્યોગ/વેપાર વિકાસ સાથે રાજ્ય સરકારની એપેક્ષ સંસ્થા હોઇ જણાવેલ સુવિધાઓ તેમના માટે જરૂરી છે જે ધ્યાને લઇને કુલ પ્રોજેક્ટ રૂા.૪,૦૦,૨૪,૩૦૦-૦૦ ના ૮૦% લેખે રૂા.૩,૨૦,૧૯,૪૪૦-૦૦ ઇન્ડસ્ટ્રીયલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર યોજના હેઠળ મંજુર કરવા ભલામણ છે.

**આપનો વિશ્વાસુ,**

**જનરલ મેનેજર**
**જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર**
**અમદાવાદ.**

નકલ રવાના જાણ સારૂ: પ્રમુખશ્રી, ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ
આશ્રમ રોડ, અમદાવાદ